ક્રમાંક:ઘ/અ.૩/વશી-જનરલ/નિમણુંક/સહાય/૨૦૧૭/૯૨૬-૯૦

નિયામક, શાળાઓની કચેરી,
૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૧૧ /૦૧/૨૦૧૭

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ.

વિષયઃ- રહેમરાહે નિમણૂક બાબતે દયનીય સ્થિતિ, શૈક્ષણિક લાયકાત તથા શાળામાં ખાલી જગ્યા ઉપલબ્ધ ન હોવાના કારણે જે કેસોનો અસ્વીકાર કરવામાં આવેલ હોય તેવા રહેમરાહે નિમણૂક આપવાના કેસોની માહિતી પુરી પાડવા બાબત.

સંદર્ભઃ- (૧) શિક્ષણ વિભાગના પત્રાંકઃપરચ/૧૨૨૦૧૬/૩૦૪૮/વ.૨, તા.૧૩/૧૨/૨૦૧૬
(૨) શિક્ષણ વિભાગના પત્રાંકઃપરચ/૧૦૧૬/૯૮૮/ગ, તા.03/01/૨૦૧૭

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર-૧ અન્વયે જણાવવાનું કે, આપના જિલ્લાના તાબા હેઠળની બિન સરકારી ગ્રાન્ટેડ શાળાના સ્વર્ગસ્થ કર્મચારીઓના આશ્રિતોની રહેમરાહે નિમણૂક અંગેની દરખાસ્તોમાં સરકારશ્રી દ્વારા રહેમરાહે નિમણૂક આપવાના કેસોમાં અસ્વીકાર કરવામાં આવેલ છે. તેવા કેસોની વિગતો નીચેના પત્રક-અ અને પત્રક-બ માં જણાવ્યા પ્રમાણેની ફકત આંકડાકીય માહિતી મોકલી આપવા જણાવવામાં આવેલ હતું.

સંદર્ભ-૨ અન્વયે જણાવવાનું કે, બિન સરકારી માધ્યમિક તથા ઉ.મા. શાળાઓમાં જે તે સમયે શાળામાં ખાલી જગ્યા ઉપલબ્ધ ન હોવાથી રહેમરાહે નિમણૂક આપી શકાય તેમ ન હોય તેવા અત્યાર સુધીમાં કુલ કેટલા કેસો આપની કચેરીમાં નોંધાયેલ છે. અને આવા તમામ કેસોમાં રહેમરાહે નિમણુંકની જગ્યા ઉચ્ચક સહાયની રકમ ચુકવવામાં આવે તો સરકારશ્રી પર કુલ કેટલુ આર્થિક ભારણ આવે તેમ છે. તે અંગેની વિગતો દિન-૭(સાત)માં મોકલી આપવાની રહેશે. (પત્રની નકલ સામેલ છે.)

શિક્ષણ વિભાગના તા.03/01/૨૦૧૭ના પત્ર મુજબ માહિતી મેળવવાની થતી હોવાથી અત્રેની કચેરીના પત્રાંકઃ૩૨ થી ૬૫, તા.૦૨/૦૧/૨૦૧૭ના પત્રક-અ અને પત્રક-બ મુજબની પણ માહિતી આ સાથે મોકલી આપવાની રહેશે. જે નીચે મુજબ છે.

| | |
|---|---|
| પત્રક-અ | જે આશ્રિતોના કેસોમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧૦/03/૨૦૦૦ના ઠરાવ અંતર્ગત આર્થિક સ્થિતિ "દયનીય" ન હોવાના કારણે રહેમરાહે નોકરીની દરખાસ્તનો અસ્વીકાર કરવામાં આવેલ હોય તેવા કેસો |
| પત્રક-બ | જે આશ્રિતોના કેસોમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧૦/03/૨૦૦૦ના ઠરાવ અંતર્ગત "રહેમરાહે નોકરીનો" લાભ મળવાપાત્ર હતો પરંતુ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/03/૨૦૦૫ના જાહેરનામાથી વર્ગ-૪ની જગ્યાએ સીધી ભરતીથી નિમણુંક માટેની નિયત શૈક્ષણિક લાયકાત ન હોવાથી રહેમરાહે નોકરીની દરખાસ્તનો અસ્વીકાર કરવામાં આવેલ હોય તેવા કેસો |

| | |
|---|---|
| પત્રક-ક | **જે આશ્રિતોના કેસોમાં શિક્ષણ વિભાગના તા.૨૦/૧૧/૨૦૦૦ તથા તા.૦૪/૦૭/૧૯૮૮ના ઠરાવને અંતર્ગત** બિન સરકારી માધ્યમિક તથા ઉ.મા. શાળાઓમાં જે તે સમયે શાળામાં ખાલી જગ્યા ઉપલબ્ધ ન હોવાના કારણે રહેમરાહે નોકરીની દરખાસ્તોનો અસ્વીકાર કરવામાં આવેલ હોય તેવા કેસોની માહિતી દર્શાવતું પત્રક |

નિયત નમુનાના પત્રકો આ સાથે સામેલ છે. જેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કર્યા વગર દિન-૭માં અચુક મોકલી આપવાની રહેશે. આ અગાઉ તા.૦૨/૦૧/૨૦૧૭ના પત્ર મુજબની માહિતી પત્રક-અ અને બ માં મોકલી આપવામાં આવેલ હોય તો ફકત પત્રક-ક ની માહિતી મોકલી આપવાની રહેશે. અન્યથા સદર પત્રને ધ્યાને લઇ પત્રક-અ, બ અને ક ની માહિતી શાળાઓ ખાતેથી એકત્રિત કરી નિયત નમુનામાં મોકલી આપવાની રહેશે. સદર માહિતી માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજુ કરવાની હોઇ, ટોચઅગ્રતા આપવાની રહેશે.

**નોંધ પર માન.સં.શિ.નિ.શ્રી(માધ્યમિક)ના મળેલ આદેશાનુસાર,**

બીડાણઃ-ઉપર મુજબ

(ડૉ.બી.કે.ત્રિવેદી)
સંયુકત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર

પત્રક-અ

સામાન્ય વહીવટ વિભાગના પત્રાંક:રહમ/૧૦૨૦૧૬/૭૨૧/ક, તા.૦૮/૧૨/૨૦૧૬નું બીડાણ

જે આશ્રિતોના કેસોમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧૦/03/૨000ના ઠરાવ અંતર્ગત આર્થિક સ્થિતિ "દયનીય" ન હોવાના કારણે રહેમરાહે નોકરીની દરખાસ્તનો અસ્વીકાર કરવામાં આવેલ હોય તેવા કેસોની માહિતી દર્શાવતું પત્રક

જિલ્લાનું નામઃ-.............................................

| ક્રમ | જે કેસોમાં આર્થિક સ્થિતિ દયનીય ન હોવાના કારણે અસ્વીકાર કરેલ હોય તેવા કેસોની સંખ્યા | કોલમ-૨ પૈકીના કુલ કેસોના નોકરીનો બાકી સમયગાળો ધ્યાને લઇ મળવાપાત્ર થતી સહાયની રકમ રૂા. | | | કોલમ-3+4+5 અન્વયે સા.વ.વિ. ના તા.૦૫/૦૭/૨૦૧૧ના ઠરાવની જોગવાઇ મુજબ સહાય મંજુર કરવા વિચારણા કરવાની થાય તો કુલ થનાર અંદાજીત રકમ રૂા. | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | રૂા.૪ લાખ | રૂા.૫ લાખ | રૂા.૬ લાખ | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |

પત્રક-બ

સામાન્ય વહીવટ વિભાગના પત્રાંક:રહમ/૧૦૨૦૧૬/૭૨૧/ક, તા.૦૮/૧૨/૨૦૧૬નું બીડાણ

જે આશ્રિતોના કેસોમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧૦/03/૨000ના ઠરાવ અંતર્ગત "રહેમરાહે નોકરીનો" લાભ મળવાપાત્ર હતો પરંતુ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/03/૨૦૦૫ના જાહેરનામાથી વર્ગ-૪ની જગ્યાએ સીધી ભરતીથી નિમણુંક માટેની નિયત શૈક્ષણિક લાયકાત ન હોવાથી રહેમરાહે નોકરીની દરખાસ્તનો અસ્વીકાર કરવામાં આવેલ હોય તેવા કેસોની માહિતી દર્શાવતું પત્રક

જિલ્લાનું નામઃ-.............................................

| ક્રમ | જે કેસોમાં શૈક્ષણિક લાયકાતના મુદ્દાને કારણે અસ્વીકાર કરેલ હોય તેવા કેસોની સંખ્યા | કોલમ-૨ પૈકીના કુલ કેસોના નોકરીનો | | | કોલમ-3+4+5 અન્વયે સા.વ.વિ. ના તા.૦૫/૦૭/૨૦૧૧ના ઠરાવની જોગવાઇ મુજબ સહાય મંજુર કરવા વિચારણા કરવાની થાય તો કુલ થનાર અંદાજીત રકમ રૂા. | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | રૂા.૪ લાખ | રૂા.૫ લાખ | રૂા.૬ લાખ | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |

પત્રક-ક

શિક્ષણ વિભાગના પત્રાંક:બમશ/૧૦૧૬/૯૮૮/ગ, તા.03/૦૧/૨૦૧૭નું બીડાણ

જે આશ્રિતોના કેસોમાં શિક્ષણ વિભાગના તા.૨૦/૧૧/૨૦૦૦ તથા તા.૦૪/૦૭/૧૯૮૮ના ઠરાવને અંતર્ગત બિન સરકારી માધ્યમિક તથા ઉ.મા. શાળાઓમાં જે તે સમયે શાળામાં ખાલી જગ્યા ઉપલબ્ધ ન હોવાના કારણે રહેમરાહે નોકરીની દરખાસ્તોનો અસ્વીકાર કરવામાં આવેલ હોય તેવા કેસોની માહિતી દર્શાવતું પત્રક

જિલ્લાનું નામઃ-.............................................

| ક્રમ | જે કેસોમાં જે તે સમયે શાળામાં ખાલી જગ્યા ઉપલબ્ધ ન હોવાના કારણે અસ્વીકાર કરેલ હોય તેવા કેસોની સંખ્યા | કોલમ-૨ પૈકીના કુલ કેસોના નોકરીનો બાકી સમયગાળો ધ્યાને લઇ મળવાપાત્ર થતી સહાયની રકમ રૂા. | | | કોલમ-3+4+5 અન્વયે સા.વ.વિ. ના તા.૦૫/૦૭/૨૦૧૧ના ઠરાવની જોગવાઇ મુજબ સહાય મંજુર કરવા વિચારણા કરવાની થાય તો કુલ થનાર અંદાજીત રકમ રૂા. | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | રૂા.૪ લાખ | રૂા.૫ લાખ | રૂા.૬ લાખ | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |

નોંધ આપની કક્ષાએથી ફકત અસ્વીકાર કરવામાં આવેલ હોય તેવા કેસોની માહિતી મોકલી આપવાની રહેશે. અને નિર્ણય થયેલ ન હોય અને પડતર રહેવા પામેલ હોય તેવા કેસોનો પણ ઉલ્લેખ કરવાનો રહેશે. સહાય મંજુર કરવા અર્થેની જે રકમ દર્શાવવાની રહે તે ફકત અસ્વીકાર થયેલ કેસોની જ દર્શાવવાની રહેશે.

સ્થળઃ-.............................................
તારીખઃ-.............................................

જિલ્લા શિક્ષણાધિકારીની સહી/સિક્કો
જિલ્લો.............................................